## Recitation of Ana(n)t Akhā*do* over 40 days

## Day 25

આશાજી પાંચ ઇંદ્રી જેણે વશ રાખી, પુરખ ઉત્તમ તેનું નામજી;
સહેજે તે જીવ વઇકુંઠ જાશે, બેસશે હુરાંઓની જોડ. હરી. (૩૦૧)

આશાજી નમીઆ ખમીઆ ગુરજીને ભાવે અને દસોંદ નરજીનો
આહારજી;
ધરમ નિયમ તેની વારજ કહીએ, ગુર કહે સો આપોહી આપ.
હરી૦ (૩૦૨)

આશાજી ગરીબ અભીયાગત જોડજ કહીએ, અને કહીએ તે
અમારી જોડજી;
ગરીબ જાણી જે જીવ જમાડે, તે પોહોંચે અમને આહાર. હરી. (૩૦૩)

આશાજી ગરીબમાંહે રૂપ અમતણું કહીએ, અને કહીએ તે
ગુરજીની જોડજી;
અણુત વીચારી જે ગરીબ જમાડે, તે પોહોંચે અમને આહાર.
હરી૦ (૩૦૪)

આશાજી દસમંધી સરગંધી શાહાકું ખ્યારી તેથી ગરીબ જમાડોજી;
ગરીબ તે જે કાંઇ નવ જાણે, પરનારી સમું ન જોવે. હરી. (૩૦૫)

આશાજી કાચી ઇંદ્રી જે જીવ વારે, તે અમ તણો અવતારજી;
આખર વેલામાંહે જે જીવ ભુલા, તે જાશે ઘોર અંધાર. હરી. (૩૦૬)

આશાજી પેલી ઇંદ્રી પાંડવે વારી, રાજા જુજેષ્ઠાણ તેનું નામજી;
પાંચ પાંડવ મોટા એ થકી જાણો, તે પોહોતા સરગ દુઆર.
હરી૦ (૩૦૭)

**Day 25 (continued)**

આશાજી ગાયકો સરાપ સાહેબજીએ રાખ્યો, ખલક દુનીઆ જોવેજી;
પરનીંદા એવી ભુંડી જાણો, પાંડવોના ઉતાર્યા પાપ. હરી. (૩૦૮)

આશાજી હસનાપુરી મોટી નગરી, તે માંહે પાંડવ છુટાજી;
નીંદા થકી જીવના પાપ ઉતર્યા, પાપ લીધા તેણે વેંચી. હરી. (૩૦૯)

આશાજી પાંડવે સરીખે નીંદા કરાવી, તબ જા શાહકું પાયાજી;
સામી નીંદા લોકે કીધી તબજા ઉતર્યા પાપ. હરી० (૩૧૦)

આશાજી ગાય વીરોધી સંસારે દીઠી, તબસો નીંદા કીધીજી;
નુર ગુસાંઈકું કેણે નવ જાણ્યા, તે કારણ પાંડવ છુટા. હરી. (૩૧૧)

આશાજી ઓળખ્યા વીના અંધારૂં જાણો, જે મુરખ ભુલા વાટજી;
માતા કુંતાજી દ્રુપતી કહીએ, શીલ તેઓના સાચા. હરી. (૩૧૨)

Credits: Pir Hasan Kabirdin's Ana(n)t Akhā*do*. Published by the Ismailia Association for India, Bombay. 1949; 1952. Layout of the original publication in a 40-day recital format by Noorallah G. Juma, Ph.D. (SalmanSpiritual.com)